LOS ANGELES કાઉન્ટી

# ચૂંટણી વહીવટ યોજના

## (ELECTION ADMINISTRATION PLAN)

2022

**DEAN C. LOGAN**
રજિસ્ટ્રાર-રેકોર્ડર/કાઉન્ટી ક્લાર્ક

## વિષય-સૂચિ

પ્રસ્તાવના ....3

મતદાર પસંદગી કાયદો....3

LOS ANGELES કાઉન્ટીમાં VCA અમલીકરણ ....4

વિભાગ 1 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના (VOTER EDUCATION AND OUTREACH PLAN) ....5

1-A મીડિયા અને આઉટરીચ બજેટ ....6

1-B મીડિયા આઉટરીચ ....7

1-C સમુદાય સંલગ્નતા ....10

1-D વેબસાઇટ માહિતી ....12

1-E ભાષા સહાય....12

1-F સુલભતા આધાર ....14

વિભાગ 2 - મત કેન્દ્રો અને મતપત્ર ડ્રોપ બોક્સના સ્થાનો....17

2-A મત કેન્દ્રો....17

2-B મતપત્ર ડ્રોપ બોક્સ ....19

વિભાગ 3 - મત કેન્દ્રનું લેઆઉટ, સાધનો અને સ્ટાફિંગ....19

3-A સ્ટાફિંગ લોજિસ્ટિક્સ અને બહુભાષી સેવાઓ....19

3-B મત કેન્દ્ર સહાય ....21

3-C મત કેન્દ્ર લેઆઉટ ....21

વિભાગ 4 – સુરક્ષા અને આકસ્મિક યોજના ....22

4-A સુરક્ષા પદ્ધતિઓ અને ધોરણો ....22

4-B મત કેન્દ્ર આધાર....22

4-C સાયબર સુરક્ષા ....23

4-D આકસ્મિક યોજના....23

વિભાગ 5 - આગળ વધવું....24

## પ્રસ્તાવના

Los Angeles કાઉન્ટી (કાઉન્ટી) એ રાષ્ટ્રનું સૌથી મોટું સ્થાનિક મતદાન અધિકારક્ષેત્ર છે જેમાં 4,100 ચોરસ માઇલમાં રહેતા 5.7 મિલિયનથી વધુ નોંધણીકૃત મતદારો છે. Registrar-Recorder/ County Clerk (RR/CC) આ અધિકારક્ષેત્રમાં સ્થાનિક, રાજ્ય અને સંઘીય ચૂંટણીઓનું સંચાલન કરવા અને તમામ મતદારોને અમારી લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવાની જાણકારી, એક્સેસ અને તક મળે છે તેની ખાતરી કરવા માટે જવાબદાર છે. મતદારને ચૂંટણીમાં ભાગ લેતા અટકાવી શકે છે તેવાં સંભવિત અવરોધો અથવા વિધ્નોને દૂર કરવા સાથે RR/CC તેની સાર્વજનિક માલિકીની અને સાર્વજનિક રૂપે ડિઝાઇન કરાયેલ મતદાન પ્રણાલી, બધા લોકો માટે મતદાન ઉકેલો (Voting Solutions for All People, VSAP) દ્વારા મતદાનના અનુભવને સુધારવા માટે સતત અને ખંતપૂર્વક કામ કરે છે. VSAP ઉકેલ એ આધુનિક, સુલભ અને સુરક્ષિત મતદાનનો અનુભવ છે જે સુનિશ્ચિત કરવા માંગે છે કે કાઉન્ટીના મતદારોને અનુકૂળ, સુલભ અને સુરક્ષિત રીતે વિસ્તૃત વિકલ્પો પ્રદાન કરીને મતદાન કરવાની વધુ તકો મળે; જે સમગ્ર કેલિફોર્નિયામાં મતદાનના વિકલ્પોને વિસ્તારવાના પ્રયાસો સાથે સંરેખિત કરે છે.

California રાજ્ય (રાજ્ય) એ પણ ચૂંટણીમાં મતદાર કેવી રીતે, ક્યારે અને ક્યાં મતદાન કરી શકે છે તેને પુનઃવ્યાખ્યાયિત કરીને મતદાનના કાર્યને વિસ્તૃત કરવા અને આધુનિક બનાવવા માટે અભૂતપૂર્વ પગલાં લીધાં છે. સેનેટ બિલ 450, કેલિફોર્નિયા મતદાર પસંદગી કાયદો (California Voter's Choice Act, VCA), આ એક્સેસની સુવિધા માટે વિકસાવવામાં આવ્યો હતો.

આ દસ્તાવેજમાં, RR/CC કેવી રીતે મતદારોને તેમના મતદાન અધિકારો અને વિકલ્પો વિશે શિક્ષિત કરવાની યોજના ધરાવે છે; કેવી રીતે મત કેન્દ્રો અને બેલેટ ડ્રોપ બોક્સ સ્થાનો વિતરિત કરવામાં આવશે, મૂકવામાં આવશે અને કેવી રીતે તેની જાળવણી કરવામાં આવશે તેની વિગતવાર માહિતી છે; મત કેન્દ્ર લેઆઉટ, મતદાન સાધનો અને સ્ટાફિંગ યોજનાઓ; સુરક્ષા અને આકસ્મિક યોજનાઓ; અને આગળનાં પગલાંની વિગતવાર માહિતી છે.

## મતદાર પસંદગી કાયદો

VCA વધુ સુગમતા અને સગવડ પૂરી પાડીને મતદારોને વિસ્તૃત વિકલ્પો પ્રદાન કરવા માટે કાઉન્ટીઓ માટે મૂળભૂત માળખું પ્રદાન કરે છે. VCA મોડેલના મુખ્ય ઘટકોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- લવચીક વ્યકિતગત મતદાન વિકલ્પો મતદારોને 11-દિવસના સમયગાળામાં તેમના રહેઠાણની કાઉન્ટીની અંદર કોઈપણ મત કેન્દ્ર પર મતદાન કરવાની મંજૂરી આપે છે.

- શરતી મતદાર નોંધણી સહિત મત કેન્દ્રો પર ઉન્નત કરેલ મતદાર સેવાઓ અને સહાય પ્રદાન કરવામાં આવે છે.
- વિસ્તૃત ટપાલ દ્વારા મત (VBM) સેવાઓ, જેમાં સુરક્ષિત અને અનુકૂળ બેલેટ ડ્રોપ બોક્સ અને ડ્રોપ-ઓફ સ્થાનો ચૂંટણી દિવસના 29 દિવસ પહેલા ઉપલબ્ધ છે (વિભાગ 2-B જુઓ).

VCA મતદાન મોડલના સફળ અમલીકરણ માટે કાઉન્ટીઓએ તેમની વર્તમાન પરિસ્થિતિઓ અને પ્રક્રિયાઓની કાળજીપૂર્વક તપાસ કરવા માટે સ્વીકારવાની જરૂર છે, જેમાં મતદાન તકનીક, અંદાજપત્રીય ક્ષમતા, મતદાન સ્થાનો અને સમુદાય જોડાણનો સમાવેશ થાય છે.

## LOS ANGELES કાઉન્ટીમાં VCA અમલીકરણ

કાઉન્ટીમાં VCA ને અમલમાં મૂકવા માટે, RR/CC એ તેના હાલના પરિવર્તનશીલ VSAP સિદ્ધાંતો ના આધારે એક આધારરૂપ માળખું વિકસાવ્યું હતું જે ડિઝાઇન, સુલભતા, સુરક્ષા, ટેકનોલોજી, ચૂંટણી વહીવટ, શિક્ષણવિદો અને હિતધારકો, સમુદાય-આધારિત સંસ્થાઓ (CBOs) અને જાહેર જનતાના સભ્યો દ્વારા જાહેર ઇનપુટમાં ઉદ્યોગ નિષ્ણાતોની સલાહકાર સમિતિઓ દ્વારા માન્યતા સાથે સંતુલિત મતદારોની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સલાહકારી સમૂહો, સર્વેક્ષણો, ધ્યાન કેન્દ્રિત કરતાં સમૂહો, ટેકનિકલ વિશ્લેષણ અને વપરાશકર્તા પરીક્ષણના સંયોજનનો ઉપયોગ કરીને, RR/CC એ એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે, જે રાજ્ય અને સ્થાનિક જરૂરિયાતોને સંતોષે છે, મતદારોની જરૂરિયાતોને સંતોષે છે તેવાં નવાં મતદાન અનુભવને વિકસાવવાની જટિલ પ્રક્રિયા તરફ દોરી જાય છે અને રાષ્ટ્રીય મતદાન પ્રણાલી સુરક્ષા ધોરણો કરતાં વધી જાય છે.

3 માર્ચ, 2020 ની રાષ્ટ્રપતિની પ્રાથમિક ચૂંટણીમાં, કાઉન્ટીએ VSAP પહેલનો અમલ કર્યો જેણે મતદારોને એવા એક અનુભવનો પરિચય કરાવ્યો જેમાં સંપૂર્ણ સુલભ અને સુરક્ષિત બેલેટ માર્કિંગ ડિવાઇસ (BMD), ઇલેક્ટ્રોનિક પોલબુક (ePollbook), પારસ્પરિક અસર કરનારું નમુના મતપત્ર (ISB), ટપાલ મતપત્ર દ્વારા દૂરસ્થ સુલભ મત (RAVBM), આધુનિક ટેલી સિસ્ટમ, 10-દિવસ વહેલા વ્યક્તિગત મતદાન અવધિ, મત કેન્દ્રો અને મોબાઈલ/ફ્લેક્સ મતદાન કાર્યક્રમ નો સમાવેશ થાય છે.VCA અને VSAP ના આ પ્રારંભિક અમલીકરણમાં, 1.14 મિલિયનથી વધુ મતદારોએ તેમના VBM મતપત્રનો ઉપયોગ કરીને મતદાન કર્યું હતું અને અન્ય એક મિલિયન મત કેન્દ્ર પર મતદાન કર્યું હતું. આ મતદાન VBM મતદાનમાં અંદાજે 75% નો વધારો દર્શાવે છે અને જૂન 2018 માં અગાઉની કાઉન્ટીવ્યાપી પ્રાથમિક ચૂંટણીના કુલ મતદાનના 42% નો વધારો દર્શાવે છે, જેમાં અંદાજે 665,000 મતદારોએ તેમના ટપાલ મતપત્ર દ્વારા મતદાનનો ઉપયોગ કરીને મત આપ્યો હતો. RR/CC દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં, 70% મતદારોએ જણાવ્યું હતું કે તેઓ એકંદરે તટસ્થ અથવા હકારાત્મક અનુભવ ધરાવે છે.

3 માર્ચ, 2020 ની રાષ્ટ્રપતિની પ્રાથમિક ચૂંટણી પછી તરત જ, કાઉન્ટી બોર્ડ ઓફ સુપરવાઈઝર (બોર્ડ) એ RR/CC ને ચૂંટણી સંહિતા 4005 અને 4007(c) માં વર્ણવ્યા મુજબ VCA ની જોગવાઈઓ સ્વીકારવા માટે નિર્દેશ આપ્યો હતો, જેમાં કાઉન્ટીને તમામ નોંધાયેલા મતદારોને VBM મતપત્રને મેઈલ કરવાની જરૂર છે. આ પ્રારંભિક સ્વીકારથી મતદારોને COVID-19 રોગચાળાની શરૂઆત દરમિયાન તેમના સ્વાસ્થ્ય અને તેમના પરિવારના સ્વાસ્થ્યને જોખમમાં મૂક્યા વિના ઘરેથી સુરક્ષિત રીતે મતદાન કરવાની તક મળી. આનો અર્થ એ થયો કે માર્ચ 3, 2020 ની રાષ્ટ્રપતિની પ્રાથમિક ચૂંટણીની તુલનામાં 3 નવેમ્બર, 2020ની સામાન્ય ચૂંટણીમાં અંદાજે 2.5 મિલિયન વધારાના VBM મતપત્રો મોકલવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં, 3.4 મિલિયનથી વધુ મતદારોએ તેમના ટપાલ દ્વારા મતદાન મતપત્રનો ઉપયોગ કરીને મતદાન કર્યું હતું અને અંદાજે 913,000 લોકોએ રૂબરૂ મતદાન કર્યું હતું. આનાથી ઐતિહાસિક 4.3 મિલિયન મતદાન થયું અને નવેમ્બર 2018 માં અગાઉની કાઉન્ટીવ્યાપી ચૂંટણીમાં એકંદર મતદાનની સરખામણીમાં 58% થી વધીને 76% થયું. RR/CC દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વેક્ષણમાં 94% સર્વે ઉત્તરદાતાઓ સાથેના તેમના અનુભવ સાથે મતદારોના સંતોષમાં વધારો જોવા મળ્યો હતો જે દર્શાવે છે કે તેઓને એકંદરે તટસ્થ અથવા હકારાત્મક મતદાનનો અનુભવ હતો.

## વિભાગ 1 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના (VOTER EDUCATION AND OUTREACH PLAN)

RR/CC નોંધાયેલ અને લાયક બિન-નોંધાયેલ મતદારોને તેમના મતદાન અધિકારો, મતદાનના વિકલ્પો, VCA, VSAP મતદાનનો અનુભવ, અને વ્યૂહાત્મક જાહેર શિક્ષણ અને આઉટરીચ ઝુંબેશની શ્રેણી દ્વારા મતદાન સંસાધનોને કેવી રીતે ઍક્સેસ કરવા તે વિશે શિક્ષિત અને જાગૃતિ લાવવાનું ચાલુ રાખશે. VSAP અને VCA ના અમલીકરણ અને સ્વીકારથી, RR/CC એ ત્રણ મોટા પાયાના બહુભાષી અને બહુસાંસ્કૃતિક મતદાર શિક્ષણ અભિયાનો અમલમાં મૂક્યા છે જેણે સમગ્ર કાઉન્ટીમાં લાખો મતદારોને જોડ્યા છે. આ ઝુંબેશોમાં વિવિધ યુક્તિઓ અને વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેણે મતદારોને એક ડઝનથી વધુ ભાષાઓમાં નિર્ણાયક સંદેશાઓ પ્રદાન કર્યા હતા અને મતદારોને અમારી વેબસાઇટ અને ટોલ-ફ્રી હોટલાઇન પર જાહેરમાં ઉપલબ્ધ માહિતી અને સંસાધનો મેળવવા માટે નિર્દેશિત કર્યા હતા. RR/CC બજારમાં ઉપલબ્ધ ડેટા-આધારિત શ્રેષ્ઠ પ્રથાઓ, અભિગમો અને સંચાર પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ઝુંબેશ વિકસાવવાનું અને અમલ કરવાનું ચાલુ રાખશે.

વધુમાં, RR/CC ટીવી, રેડિયો, પ્રિન્ટ અને ડિજિટલ ન્યૂઝ આઉટલેટ્સ સાથે મેળવેલી મીડિયા તકો મેળવવા માટે સ્થાનિક અને બહુભાષી સમાચાર મીડિયા નેટવર્ક્સ સાથેના તેના સંબંધોનો ઉપયોગ કરવાનું અને લાભ લેવાનું ચાલુ રાખશે. આ તકોમાં મતદાન અને ચૂંટણી પ્રક્રિયાઓ વિશે જાણવા માટે ઇન્ટરવ્યુ, મીડિયા રાઉન્ડ ટેબલ, પ્રેસ બ્રીફિંગ્સ અને મીડિયાને વિવિધ

જાહેરમાં આવીને કરવાની કામગીરીમાં આમંત્રિત કરવા માટેનો સમાવેશ થશે પરંતુ તે પુરતું મર્યાદિત નથી. સ્થાનિક મીડિયા સાથેના આ જોડાણો આગામી ચૂંટણીના કાર્યક્રમો, નિર્ણાયક સમયમર્યાદા, મતદાર નોંધણીની તકો, મતદાનના વિકલ્પો અને ઘણું બધું અંગેની વિશ્વસનીય માહિતી જાહેર કરશે અને પ્રદાન કરશે.

વધુમાં, RR/CC લાંબા સમયથી જોડાયેલા ભાગીદારો સાથેનો સહયોગ ચાલુ રાખશે, જેમાં સમુદાય-આધારિત સંસ્થાઓ, કાઉન્ટી હિતધારકો, હિમાયત સમિતિઓ, મ્યુનિસિપાલિટી, હાઈસ્કૂલ્સ, સામુદાયિક કોલેજો અને યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી. આ ભાગીદારી દ્વારા, RR/CC અમારા વિશાળ બહુસાંસ્કૃતિક સમુદાયોને જાગૃતિ લાવવા અને તેઓ કેવી રીતે વહેલી મતદાનની તકોનો લાભ લઈ શકે, નાગરિક જોડાણને પ્રોત્સાહન આપી શકે અને મતદારોની સહભાગિતાને શિક્ષિત કરવા ઘણી ભાષાઓમાં સહયોગ કરશે અને આઉટરીચ સામગ્રી પ્રદાન કરશે.

## 1-A મીડિયા અને આઉટરીચ બજેટ

નાણાંકીય વર્ષ 21-22 માટે RR/CC નું મીડિયા અને આઉટરીચ બજેટ $6,300,000 છે. કાઉન્ટીનું નાણાકીય વર્ષ જુલાઈ-જૂન સુધી ચાલે છે. તેથી, આ બજેટમાં 7 જૂન, 2022ની રાજ્યવ્યાપી સીધી પ્રાથમિક ચૂંટણી અને 3 નવેમ્બર, 2020ની સામાન્ય ચૂંટણી માટે શિક્ષણ અને આઉટરીચ સંબંધિત કેટલાક પ્રારંભિક ખર્ચનો સમાવેશ થાય છે. આ બજેટનો ઉપયોગ કાઉન્ટીના મતદારો અને રહેવાસીઓને તેમના કાનૂની મતદાન અધિકારો, મતદાનના વિકલ્પો અને ચૂંટણી સંસાધનો વિશે શિક્ષિત કરવા માટે મોટા પાયે, બહુભાષી અને બહુસાંસ્કૃતિક મતદાર શિક્ષણ ઝુંબેશના અમલીકરણ માટે કરવામાં આવશે.

કોષ્ટક 1: નાણાંકીય વર્ષ માટે ખર્ચની સરખામણી

| | મીડિયા | | | આઉટરીચ | | |
|---|---|---|---|---|---|---|
| **નાણાંકીય વર્ષ** | **બજેટ** | **ખર્ચ** | **તફાવત** | **બજેટ** | **ખર્ચ** | **તફાવત** |
| **ના. વ. 17-18** | $850,000 | $4,88,656 | $3,61,344 | $25,000 | $29,773 | $(4,773) |
| **ના. વ. 18-19** | $15,00,000 | $5,87,216 | $9,12,784 | $25,000 | $62,216 | $(37,216) |
| **ના. વ. 19-20** | $74,67,000 | $3,60,269 | $71,06,731 | $25,000 | $1,001 | $23,999 |
| **ના. વ. 20-21** | $7,25,000 | $2,90,338 | $4,34,662 | $1,63,76,000 | $1,28,04,721 | $35,71,279 |
| **ના. વ. 21-22** | $17,00,000 | $9,70,101 | $7,29,899 | $46,00,000 | - | $46,00,000 |
| **ના. વ. 22-23** | $7,00,000 | - | $7,00,000 | $20,00,000 | - | $20,00,000 |

## 1-B મીડિયા આઉટરીચ

RR/CC વિવિધ ડેટા સ્રોતોનો ઉપયોગ કરે છે જેમ કે અગાઉના મતદાર શિક્ષણ અભિયાનોના અહેવાલો, જાહેર મતદાર સર્વેક્ષણો અને રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ડેટા સ્રોતો કાઉન્ટીની વિવિધ વસ્તી સુધી અસરકારક રીતે પહોંચવા અને સંચાર કરવા માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ નક્કી કરવા માટે. RR/CC લોકોને તેમના મતદાનના વિકલ્પો અને અધિકારો વિશે શ્રેષ્ઠ રીતે કેવી રીતે શિક્ષિત કરવાં તે નક્કી કરવા માટે ડેટા-આધારિત અભિગમનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે અને સાથે તેમને ઑનલાઇન અને અમારી ટોલ-ફ્રી હોટલાઇન દ્વારા તેમના માટે ઉપલબ્ધ વિશ્વસનીય સંસાધનો તરફ નિર્દેશિત કરશે.

મીડિયા અભિયાન બહુભાષી અને બહુસાંસ્કૃતિક હશે. કાઉન્ટીના વિવિધ સમુદાયો સુધી પહોંચાય તેની ખાતરી કરવા માટે, RR/CC મોટા રાષ્ટ્રીય પ્લેટફોર્મ તેમજ નાના સ્થાનિક આઉટલેટ્સ સાથે જોડાશે. આ વ્યાપક અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે મતદાતાઓ સામાન્ય રીતે સમાચાર અને માહિતીનો ઉપયોગ કરે તેવી કોઈપણ પદ્ધતિમાં RR/CCનો સંદેશ પ્રાપ્ત કરશે.

**બ્રોડકાસ્ટ મીડિયા**

RR/CC જાહેર સેવાની ઘોષણાઓ રજૂ કરવા, માહિતીલક્ષી ઇન્ટરવ્યુ લેવા અને ચુકવણી કરેલ જોડાણો ગોઠવવા માટે ટેલિવિઝન અને રેડિયો પરના વિવિધ અંગ્રેજી અને બિન-અંગ્રેજી પ્રસારણ નેટવર્ક અને સ્ટેશનો સાથે કામ કરશે. જાહેર સેવાની ઘોષણાઓ, અન્ય RR/CC આઉટરીચ પ્રયાસો સાથે, આગામી ચૂંટણીઓ, નોંધણીની માહિતી, ભાષાની ઍક્સેસ અને મતદાનના વિકલ્પો પર નિર્ણાયક સંદેશાઓ સમાવશે. આ પ્રયાસો અંગ્રેજી અને બિન-અંગ્રેજી ભાષી નાગરિકોને સીધી સેવા આપશે. અગાઉના ભાગીદારોમાં શામેલ છે, પરંતુ તે આના સુધી મર્યાદિત ન હતા:

- ABC
- CBS
- KTLA
- FOX
- NBC
- Telemundo
- Univision
- iHeart Media
- POWER 106
- Entercom
- Entravision
- Liberman Broadcasting
- KNX
- KPCC
- NPR
- K-ABC
- KFI
- KJLH

## પ્રિન્ટ મીડિયા

નાગરિક જોડાણને પ્રોત્સાહન આપવા અને વાચકોને તેઓ મતદાન માટે કેવી રીતે નોંધણી કરાવી શકે, તેમના મતદાનના અધિકારો અને વિકલ્પોની સમીક્ષા કરી શકે, ચૂંટણી સંસાધનો શોધી શકે અને વહેલા મતદાનમાં સહભાગિતાને પ્રોત્સાહિત કરવા RR/CC સ્થાનિક અને પ્રાદેશિક પ્રિન્ટ મીડિયા સાથે કામ કરશે. આમાં સમાચારપત્રો, સામયિકો અને ન્યૂઝલેટર્સનો સમાવેશ થાય છે. પ્રિન્ટ મીડિયા મુખ્યત્વે અંગ્રેજી સિવાયની ભાષા બોલે છે અથવા વાંચે છે તેવાં નિવાસીઓ સાથે, ભૌગોલિક રીતે અલગ અને અછતગ્રસ્ત સમુદાયો સુધી પહોંચવા માટે એક વિશ્વસનીય માધ્યમ તરીકે સેવા આપવાનું ચાલુ રાખે છે. અગાઉના ભાગીદારોમાં શામેલ છે, પરંતુ તે આ સુધી મર્યાદિત ન હતા:

- Los Angeles Times
- LA Daily News
- Daily Breeze
- Pasadena Star News
- Long Beach Press-Telegram
- Whittier Daily News
- San Gabriel Valley Tribune
- LA Sentinel
- La Opinion
- World Journal
- The Korea Times

## ડિજિટલ મીડિયા

મતદારોને મળવામાં મદદ રૂપ બનાવ માટે RR/CC વિવિધ બહુભાષી પ્લેટફોર્મ્સ, વેબસાઇટ્સ અને સ્ટ્રીમિંગ સેવાઓમાં સ્થિર અને વિડિયો જાહેરાતો પ્રદાન કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો લાભ લેવાનું ચાલુ રાખશે જેનો ઉપયોગ મતદારો સમાચાર અથવા મનોરંજન માટે કરે છે. ડિજિટલ મીડિયા અસરકારક મીડિયા અને આઉટરીચ યોજનામાં મુખ્ય ભૂમિકા ભજવે છે કારણ કે નિવાસીઓ માહિતીનો ઉપયોગ કરવા અને ઑનલાઇન સંસાધનો અથવા માહિતીને એક્સેસ કરવા માટે તેમના મોબાઇલ અથવા ડિજિટલ ઉપકરણો પર ઘણો આધાર રાખે છે.

## સોશિયલ મીડિયા

RR/CC મતદાન કરવા માટે કેવી રીતે નોંધણી કરાવવી તેના વિશે અને મતદારની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા કાઉન્ટીના રહેવાસીઓ સાથે જોડાવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે. સંદેશાઓ સાથે ચોક્કસ પ્રેક્ષકોને લક્ષ્યાંકિત કરવા અને માહિતીને વધુ માત્રામાં પ્રસારિત કરવા માટે સોશિયલ મીડિયા એ શ્રેષ્ઠ ખર્ચ-અસરકારક પદ્ધતિઓમાંની એક છે જેથી મહત્વપૂર્ણ મતદાન અને ચૂંટણીની માહિતી મગજમાં સૌથી ઉપર રહે. વધુમાં, સોશિયલ મીડિયા

વિવિધ પ્લેટફોર્મ્સ પર સહભાગીઓના એકબીજા સાથેના જોડાણ માટે એક અનન્ય તક પ્રદાન છે સાથે સાથે RR/CC ને પ્રશ્નો, ચિંતાઓને સંબોધવા અથવા જૂઠાણા અથવા ખોટી માહિતીને દૂર કરવા માટે મતદારો સાથે જોડાવાની પણ અનુમતિ આપે છે.

તમે આના પર RR/CC ને પસંદ, અનુસરી અથવા સબ્સ્ક્રાઇબ કરી શકો છો:

- Facebook: facebook.com/LACountyRRCC
- Instagram: @lacountyrrcc
- YouTube: lacountyrrcc
- Twitter: @LACountyRRCC

**ઈમેલ માર્કેટિંગ**

RR/CC મતદારોને સમયમર્યાદા, મતદાનની તકો અને તેઓ તેમના મતદાનના અનુભવને સરળ અને વધુ અનુકૂળ બનાવવા માટે કેવી રીતે સુલભ ઓનલાઈન ટૂલ્સનો ઉપયોગ કરી શકે છે તેના વિશે સમયસર અને વિશ્વાસપાત્ર સંદેશા મોકલવા માટે મતદાર નોંધણી ડેટાબેઝ સાથે સંકળાયેલા તેના ઈમેલ સરનામાંની વિસ્તૃત સૂચિનો લાભ લેવાનું ચાલુ રાખશે.

**ઘરની બહાર**

RR/CC નિવાસીઓને સંદેશ આપવા માટે ઘરની બહારની વિવિધ તકોનું મૂલ્યાંકન અને નિર્ધારણ કરવાનું ચાલુ રાખશે. ભૂતકાળમાં, બસ આશ્રયસ્થાનો અને ધોરીમાર્ગો પરના બિલબોર્ડ સહિતની પરંપરાગત બિલબોર્ડ ટ્રાન્ઝિટ જાહેરાતોનો લાભ લેવામાં આવ્યો છે અને કાઉન્ટીની અંદર વિવિધ અને ભૌગોલિક રીતે અલગ સમુદાયો સુધી ચૂંટણીની મુખ્ય માહિતી પહોંચે છે તેની ખાતરી કરવા માટે આની શોધ ચાલુ રહેશે.

**રાઈડશેર/ટ્રાન્સપોર્ટેશન કંપનીઓ**

RR/CC મત કેન્દ્રો પર પરિવહન સેવાઓ પ્રદાન કરવાના હેતુ સાથે, મતદાર નોંધણી અને માહિતીને પ્રોત્સાહન આપવા માટે રાઇડશેર કંપનીઓ, મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી, કાઉન્ટી જાહેર કાર્યકર વિભાગ અને સમગ્ર કાઉન્ટીમાં અન્ય પરિવહન સંસ્થાઓ સાથે સહયોગ કરવાનું ચાલુ રાખશે.

**પ્રભાવકો અને વિશ્વસનીય સંદેશવાહકો**

RR/CC અને તેના ભાગીદારો દ્વારા વિકસિત મુખ્ય સંદેશાનું શિક્ષણ આપવા અને તેને વિસ્તૃત કરવા માટે આપણાં સમુદાયોમાં પ્રભાવકો અને વિશ્વસનીય સંદેશવાહકો સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

**ડાયરેક્ટ મેઇલિંગ**

કાઉન્ટી ચૂંટણીઓમાં, RR/CC નોંધાયેલા મતદારોને સીધા જ બે પ્રત્યક્ષ ટપાલ કરશે. મતદારોને સીધી મદદ કરવા માટે, RR/CC ટપાલ દ્વારા મતદાન પેકેટમાં નજીકના મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનો પ્રદાન કરશે. દરેક નોંધાયેલા મતદારને એક અલગ મતદાન કેન્દ્રની ટપાલ આપવામાં આવશે જેમાં તેમના નિવાસસ્થાન નજીકના મતદાન કેન્દ્રો દર્શાવવામાં આવશે. RR/CC આગામી ચૂંટણીના મતદારોને શિક્ષિત કરવા અને વ્યક્તિગત રીતે ચૂંટણીની વિગતો પ્રદાન કરવા માટે, નમૂના મતપત્ર અને ટપાલ દ્વારા મતદાન પેકેટ ઉપરાંત, આઉટરીચના સ્વરૂપ તરીકે ડાયરેક્ટ મેઈલિંગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે. ટપાલ દ્વારા મતદાનની સમયરેખા, સુલભ મતદાન વિકલ્પો, વ્યક્તિગત મત કેન્દ્રોના સ્થાનો અને જ્યાં મતદારો RR/CCની ટોલ-ફ્રી હોટલાઇન અથવા વેબસાઇટ દ્વારા વિશ્વસનીય અને સુરક્ષિત ચૂંટણી માહિતી મેળવી શકે છે.

ચૂંટણી ચક્રના આધારે, ટપાલમાં મતદારોને ટપાલખર્ચ ચૂકવેલ પરત ફોર્મનો સમાવેશ થઈ શકે છે અને તેઓને અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં ચૂંટણી સામગ્રીની વિનંતી કરવાની અથવા તેમના રહેઠાણના સરનામાની માહિતી અપડેટ કરવાની મંજૂરી આપી શકે છે.

## 1-C સમુદાય સંલગ્નતા

લોકો સુધી અસરકારક રીતે પહોંચવા અને VSAP વિશે માહિતી પ્રદાન કરવા માટે, RR/CC કાઉન્ટીની અંદરની ભાગીદાર એજન્સીઓ, અન્ય સરકારી એજન્સીઓ, City Clerk અને CBO સાથે કામ કરવાનું ચાલુ રાખશે. RR/CC રજુઆતો, કર્મચારી ઇવેન્ટ્સ, તાલીમ અને સામગ્રી પ્રદાન કરશે અને સુનિશ્ચિત કરશે કે જનતાને સતત સંદેશો પ્રદાન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓને સમર્થન આપવા માટે, RR/CC એ VSAP અને VCA વિશે સમુદાયને વધુ શિક્ષિત કરવા અને જાણ કરવા માટે અસંખ્ય માહિતીપ્રદ ફ્લાયર્સ અને પોસ્ટર્સ બનાવ્યાં છે. આ સંસ્થાઓને પ્રદાન કરવામાં આવેલ તમામ સામગ્રી VSAP બ્રાન્ડેડ છે, જે જાહેર જનતા માટે સુનિશ્ચિત કરે છે કે માહિતી સુસંગત, સચોટ અને વિશ્વસનીય સ્ત્રોતમાંથી આવે છે.

**દેશવ્યાપી સહયોગ/હિતધારકો**

જનતા સુધી પહોંચવા અને શિક્ષિત કરવા માટે જાહેર અધિકારીઓ (ચૂંટાયેલા અને બિન-ચૂંટાયેલા), સરકારી એજન્સીઓ, કાઉન્ટી વિભાગો, શહેરો, ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય સમુદાયના હિસ્સેદારોની સામૂહિક ભાગીદારીની જરૂર છે. આ સંસ્થાઓ મતદાનના વિકલ્પો અને મુખ્ય ચૂંટણી માહિતી સાથે શિક્ષિત કરવા અને જાગૃતિ લાવવા માટે સાથે મળીને કામ કરે છે.

અન્ય કાઉન્ટી વિભાગો સાથે સહયોગ RR/CC ની જનતા સુધી પહોંચવાની અને શિક્ષિત કરવાની ક્ષમતાને વધારે છે. નીચેની કાઉન્ટી સંસ્થાઓએ અગાઉ RR/CC ને મદદ કરી છે અને તે તેના નમૂના છે જે મતદાર શિક્ષણ અને આઉટરીચ પ્રયત્નોમાં મદદ કરશે:

- આકારણીકાર
- દરિયાકિનારા અને બંદરો
- સુપરવાઇઝર બોર્ડ
- મુખ્ય કારોબારી અધિકારી
- ઉપભોક્તા અને વ્યવસાયિક બાબતો
- દેશભરમાં સંદેશાવ્યવહાર
- ઉદ્યાનો અને મનોરંજન
- જાહેર પુસ્તકાલય
- સાર્વજનિક સામાજિક સેવાઓ
- જાહેર કાર્યો
- ખજાનચી અને કર કલેક્ટર
- કાર્યબળ વિકાસ, વૃદ્ધત્વ અને સમુદાય સેવાઓ

**સમુદાયિક કાર્યક્રમ**

CBO સંબંધો અને ચુકવણી કરેલ મીડિયા ભાગીદારી દ્વારા, સમગ્ર કાઉન્ટીમાં કાર્યક્રમ યજમાની કરવાની અને સહ-પ્રાયોજિત કરવાની તક RR/CC માટે નવા મતદાન મોડલ અંગે લોકો સાથે જોડાવા માટે એક મૂલ્યવાન માર્ગ ઉત્પન્ન કરશે. RR/CC ઘણી સંસ્થાઓ અને કાર્યક્રમ સંયોજકો સાથે અસંખ્ય લાંબા સમયગાળાના સંબંધો ધરાવે છે અને ઘણા સપ્તાહના અંતમાં ટેબલ ગોઠવવામાં અને જાહેર જનતાને ચૂંટણી-સંબંધિત સામગ્રી પ્રદાન કરવામાં વિતાવશે. કોષ્ટક 2માં આ વર્ષે RR/CCએ હાજરી આપી છે અને 2022માં હાજરી આપવાનું આયોજન કરશે તે મુખ્ય કાર્યક્રમની પસંદગીને પ્રકાશિત કરે છે. આ કાર્યક્રમ ઉપરાંત, RR/CCએ અન્ય કેટલાંક સો સમુદાયિક કાર્યક્રમમાં હાજરી આપી છે.

કોષ્ટક 2. મુખ્ય સમુદાયિક કાર્યક્રમ

| તારીખ | કાર્યક્રમ | શહેર |
| --- | --- | --- |
| **ફેબ્રુઆરી 13, 2022** | Bell 5K Resource Fair | Bell |
| **માર્ચ 4, 2022** | Care Harbor Resource Event | Los Angeles |
| **માર્ચ 5, 2022** | Care Harbor Resource Event | Los Angeles |
| **માર્ચ 11, 2022** | Latina History Day | Los Angeles |
| **માર્ચ 15, 2022** | Townhall Voter Registration | Dominguez Hills |
| **માર્ચ 16, 2022** | East LA Job and Resource Fair | Los Angeles |
| **માર્ચ 16, 2022** | Gabrielino HS College and Career Fair | San Gabriel |
| **માર્ચ 24, 2022** | SOS Event | Domingue Hills |
| **મે 5-31, 2022** | Pomona FairPlex | Pomona |

## 1-D વેબસાઇટ માહિતી

**LAVOTE.GOV**

અધિકૃત RR/CC વેબસાઇટ, LAVOTE.GOV, કાઉન્ટીમાં તમામ મતદાન અને ચૂંટણીની માહિતી માટેનું પ્રાથમિક સંસાધન અને સ્થાન છે. આ વેબસાઇટને આગામી ચૂંટણીઓ, મતદાર નોંધણીની માહિતી, મતદાનના વિકલ્પો અને મતદાનના અનુભવને વધારવા માટે ઓનલાઈન સંસાધનોની મહત્વપૂર્ણ માહિતી સાથે સતત અપડેટ કરવામાં આવે છે.

## 1-E ભાષા સહાય

Los Angeles કાઉન્ટી માત્ર રાષ્ટ્રની સૌથી વધુ વસ્તી ધરાવતું સ્થાનિક ચૂંટણી અધિકારક્ષેત્ર નથી, તે રાષ્ટ્રમાં સૌથી વૈવિધ્યસભર પણ છે. સાંસ્કૃતિક અને ભાષાકીય વિવિધતા એ કાઉન્ટીની નિર્ધારિત લાક્ષણિકતાઓમાંની એક છે, જે જીવંત અને ગતિશીલ મતદાર માટે બનાવાવમાં આવે છે. અમારા ભાષાના લઘુમતી સમુદાયો માટે ખુલ્લી અને સમાવિષ્ટ પ્રક્રિયાને સમર્થન અને પ્રોત્સાહન આપવા માટે, RR/CC અનુવાદ સામગ્રી અને મજબૂત ભાષા સહાય પ્રદાન કરે છે. કાઉન્ટી વર્તમાનમાં નીચેની ભાષાઓમાં અંગ્રેજી ઉપરાંતના મતદારોને ભાષા સહાય પ્રદાન કરે છે:

- આર્મેનિયન
- ચાઈનીઝ
- કંબોડિયન/ખ્મેર
- ફારસી
- કોરિયન
- સ્પેનિશ
- ટાગાલોગ/ફિલિપિનો
- વિયેતનામીઝ
- હિન્દી
- જાપાનીઝ
- થાઈ
- રશિયન
- બંગાળી*
- બર્મીઝ*
- ગુજરાતી*
- ઇન્ડોનેશિયન*
- મોંગોલિયન*
- તેલુગુ*

**આ ભાષાઓ માટેની સેવાઓ 7 જૂન, 2022 રાજ્યવ્યાપી સીધીપ્રાથમિક ચૂંટણીની શરૂઆતથી વધારવામાં આવશે. VBM મતપત્રોના મેઇલિંગ અને મતપત્ર ચિહ્નિત ઉપકરણોમાં આ ભાષાઓના ઉમેરા સહિત.*

કાઉન્ટી ફેડરલ અને રાજ્ય ભાષાની આવશ્યકતાઓનું પાલન કરવા અને તમામ મતદારો માટે નિષ્પક્ષ, સુલભ અને પારદર્શક ચૂંટણી સેવાઓ પ્રદાન કરવાના તેના હેતુને પ્રાપ્ત કરવા માટે તેના વ્યાપક અભિગમને ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

**મર્યાદિત-અંગ્રેજી પ્રાવિણ્યતા (LEP) ધરાવતા મતદારોને ઓળખવા અને સેવા આપવી**

જ્યારે કોઈ વ્યક્તિ મત આપવા માટે નોંધણી કરાવે છે, ત્યારે તેઓ અન્ય ભાષામાં અનુવાદિત ચૂંટણી સામગ્રીની વિનંતી કરી શકે છે. કોઈપણ મતદાર કે જેઓ આ વિનંતી કરે છે તેઓ આપોઆપ અનુવાદિત નમૂના મતપત્ર અને તેમની પસંદગીની ભાષામાં તમામ ચૂંટણી સામગ્રી પ્રાપ્ત કરશે. RR/CC પાસે મતદારો માટે અનુવાદિત ચૂંટણી સામગ્રી અથવા મત કેન્દ્ર સ્થાનો, દ્વિભાષી મતદાર નોંધણી કાર્ડ્સ, અનુવાદિત VBM એપ્લિકેશન્સ અને નમૂના મતદાન પુસ્તિકાઓ વિશેની માહિતીની વિનંતી કરવા માટે બહુભાષી સહાયતા હોટલાઇન પણ છે.

RR/CC એ એક વ્યાપક લક્ષ્યીકરણ ડેટા સિસ્ટમ વિકસાવી છે જે યુનાઈટેડ સ્ટેટ્સ સેન્સસ, અમેરિકન કોમ્યુનિટી સર્વે, મતદાર નોંધણી એપ્લિકેશન્સ અને સમુદાય સમૂહો તરફથી ભાષા સહાય વિનંતીઓ સહિત બહુવિધ સ્રોતોમાંથી વસ્તી વિષયક ડેટા અને ભાષા સહાય વિનંતીઓને એકીકૃત કરે છે. આ ડેટામાંથી, ભાષા સહાયતાની જરૂરિયાતોના આધારે મત કેન્દ્રો પર બહુભાષી કર્મચારીઓને પ્રાથમિકતા આપવા માટે એક રિપોર્ટ બનાવવામાં આવે છે. વર્તમાન ડેટાના આધારે, સ્પેનિશ બોલતા ચૂંટણી કાર્યકરોને દરેક મત કેન્દ્ર પર મૂકવામાં આવશે.

**મતદાન કેન્દ્રો વિશે LEP સમુદાયો સાથે શિક્ષણ અને વાતચીત**

2017 માં સ્થપાયેલી RR/CC ની ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC), આગામી ચૂંટણીઓ અને તેમના મતદાન વિકલ્પો વિશે LEP સમુદાયને શિક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. LAAC સભ્યો સમુદાયના કાર્યક્રમોનું આયોજન કરીને અને તેમના સમુદાયોમાં અનુવાદિત સામગ્રીનું વિતરણ કરીને સહાય કરે છે. કેટલિક LAAC સંસ્થાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- Asian Americans Advancing Justice
- California Common Cause
- Center for Asian Americans United for Self Empowerment (CAUSE)
- Korean American Coalition
- League of Women Voters (LWV), Los Angeles
- NALEO Educational Fund
- National Iranian American Council
- Pars Equality Center
- South Asian Network (SAN)

- United Cerebral Palsy of Los Angeles

RR/CC સમસ્યાઓ પર સહયોગ કરવાનું ચાલુ રાખવા, ભાષા સેવાઓને વિસ્તૃત કરવા અને વધારવા અને LEP સમુદાયો સાથે જોડાવા માટે LAAC સાથે ત્રિમાસિક બેઠક કરે છે. વધુ માહિતી, જેમ કે કેવી રીતે હાજરી આપવી, ભાગ લેવો અને/અથવા સમિતિની મીટિંગમાં કેવી રીતે જોડાવું તે LAVOTE.GOV પર મળી શકે છે.

## 1-F સુલભતા આધાર

RR/CC વિકલાંગ લોકો માટે ચૂંટણીની સંપૂર્ણ સુલભતા સુનિશ્ચિત કરવા માટે ખંતપૂર્વક કામ કરે છે અને સુલભ મત કેન્દ્રોના સર્વેક્ષણ, ભરતી, ફેરફાર અને જાળવણી માટે નોંધપાત્ર પગલાં લેવાનું ચાલુ રાખશે.

સુલભ મત કેન્દ્રો વિકલાંગ મતદારોની નજીક સ્થિત છે તેની ખાતરી કરીને મત કેન્દ્ર મોડલ તમામ મતદારો માટે સુલભ થવા માટે રચાયેલ છે. મત કેન્દ્રોના મૂલ્યાંકનમાં, મત કેન્દ્ર તરીકે સેવા આપવા માટે ધ્યાનમાં લેવામાં આવતી સુવિધાઓને અન્ય માપદંડો ઉપરાંત સુલભ પાર્કિંગની જરૂરિયાતોને પૂર્ણ કરવાની જરૂર છે. RR/CC એ તેની કોમ્યુનિટી વોટર આઉટરીચ કમિટી (CVOC) અને તેની વોટિંગ એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી (VAAC) દ્વારા સમુદાયને જોડ્યો છે. કાઉન્ટીના VAAC ની સ્થાપના 2006 માં RR/CC ને નવીન વ્યૂહરચનાઓના અમલીકરણમાં મદદ કરવા માટે કરવામાં આવી હતી જે સુલભતા અને સહભાગિતાને બહેતર બનાવે છે. VAAC એ ચૂંટણી પૂર્વે અને ચૂંટણી પછીની બંને પ્રવૃત્તિઓમાં RR/CC ને મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

VAAC સાથેની ભાગીદારીમાં, RR/CC એ ચૂંટણી કાર્યકર્તાઓને વિકલાંગતાના વિવિધ સ્પેક્ટ્રમ ધરાવતા મતદારો સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરવી તે અંગે શિક્ષિત કરવા માટે ચૂંટણી કાર્યકર વિકલાંગતા જાગૃતતા તાલીમ વિડિયો બનાવ્યો છે. આ વિડિયોને ચૂંટણી કાર્યકર તાલીમ અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે અને સમુદાય સમૂહો દ્વારા તેનો ઉપયોગ તેમના ઘટકોને અપંગ મતદારો માટે ઉપલબ્ધ સેવાઓ વિશે જણાવવા માટે પણ કરી શકાય છે.

**ઍક્સેસિબિલિટી હિમાયત સંસ્થાઓ સાથે સહયોગ કરવો**

RR/CCની વોટિંગ એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી (VAAC), 2006માં સ્થપાયેલી છે, જે મતદારો માટે સુલભતા વધારવા માટે વિવિધ કાર્યક્રમો, પ્રક્રિયાઓ, સેવાઓ અને સાધનો વિશે મતદારોને માહિતગાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. VAAC સભ્યો સામુદાયિક કાર્યક્રમોનું આયોજન કરીને, વિકલાંગ મતદારો સાથે જોડાણ કરવામાં અને તેમના સમુદાયોમાં અનુવાદિત સામગ્રીનું વિતરણ કરીને RR/CC સાથે સહાય કરે છે. VAAC માં ભાગ લેતી કેટલીક સંસ્થાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- સક્ષમતા પ્રથમ
- અંધજનોની CA કાઉન્સિલ
- CALIF સ્વતંત્ર જીવન કેન્દ્રો
- વિકલાંગતા અધિકાર California
- પ્રાદેશિક કેન્દ્રો
- યુનાઇટેડ સેરેબ્રલ પાલ્સી Los Angeles
- વિકલાંગતા અભ્યાસ અને સમુદાય સમાવેશ માટે USC કેન્દ્ર

VAAC સાથે સહયોગમાં, RR/CC સમગ્ર મતદાન પ્રક્રિયા દરમિયાન ઉપલબ્ધ સુલભતા સમર્થનની સમુદાયને જાણ કરવાનું ચાલુ રાખશે. મુદ્દાઓ પર સહયોગ કરવાનું ચાલુ રાખવા, સુલભતા સેવાઓમાં સુધારો કરવા અને વિકલાંગ મતદારો સાથે જોડાવા માટે RR/CC ત્રિમાસિક ધોરણે VAAC સાથે મળે છે. વધુ માહિતી, જેમ કે કેવી રીતે હાજરી આપવી, ભાગ લેવો અને/અથવા સમિતિની મીટિંગમાં કેવી રીતે જોડાવું તે LAVOTE.GOV પર મળી શકે છે.

**સુલભ સેવાઓ - ISB, RAVBM, VBM અને BMD**

કાઉન્ટીના ISB, RAVBM, VBM અને BMD એ એવા સાધનો છે જે અપંગ મતદારોને વધારાનો એક્સેસ અને સગવડતા પ્રદાન કરે છે. આ તમામ સાધનો VSAP ઉકેલના મુખ્ય ઘટકો તરીકે ડિઝાઇન કરવામાં અને અમલમાં મૂકવામાં આવ્યા હતા. સાધનોને સહયોગી, માનવ-કેન્દ્રિત ડિઝાઇન પ્રક્રિયાનો ઉપયોગ કરીને ડિઝાઇન કરવામાં અને અમલમાં મૂકવામાં આવ્યા હતા જેમાં મતદારો, ચૂંટણી કાર્યકરો સમુદાય સંગઠનો, સ્થાનિક ચૂંટણી અધિકારીઓ અને તકનીકી, સુલભતા અને સુરક્ષા જેવા વિષયોમાં નિષ્ણાતો જોડાયા હતા. તે પ્રક્રિયાના ભાગ રૂપે સાધનો ઉપયોગની સરળતા અને સુલભતા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વપરાશકર્તા-પરીક્ષણ દ્વારા કરવામાં આવ્યા છે. આ સાધનો 14 મુખ્ય સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યા હતા. આ સિદ્ધાંતો છે:

1. પારદર્શિતા
2. મતદાનના વિકલ્પો પ્રદાન કરવાની ક્ષમતા
3. ગોપનીયતા
4. ઉપયોગમાં સરળતા અને સુલભતા
5. વિશ્વાસ
6. અખંડિતતા
7. સુરક્ષા
8. કિંમત-અસરકારકતા
9. માપનીયતા
10. લવચીકતા
11. સ્થાપનામાં સરળતા
12. ન્યૂનતમ પાવર
13. ન્યૂનતમ પ્રોગ્રામિંગ
14. સુવાહ્યતા

RR/CCની વેબસાઇટ પર સ્થિત વેબ-આધારિત એપ્લિકેશન દ્વારા ISBને ઍક્સેસ કરી શકાય છે. ISB 19 ભાષાઓમાં ઉપલબ્ધ છે, સહાયક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઍક્સેસ કરી શકાય છે અને તેને સરળતાથી ઉપયોગ અને સમજી શકાય માટે ડિઝાઇન કરવામાં આવેલ છે. ISB વપરાશકર્તાને તેમના નમૂના મતપત્રને ચિહ્નિત કરવાની અને મતદાન પાસ બનાવવાની મંજૂરી આપે છે જે મોબાઇલ ઉપકરણ પર પ્રિન્ટ અથવા ડાઉનલોડ કરી શકાય છે. મતદાન પાસ મતદારને તેમની નમુનાના મતપત્રની પસંદગીઓને ઝડપથી BMD પર સ્થાનાંતરિત કરવાની, તેમની પસંદગીની પુષ્ટિ કરવાની અથવા સંશોધિત કરવાની અને તેમના મતદાનની પ્રક્રિયાને પૂર્ણ કરવાની મંજૂરી આપીને મતદાન કેન્દ્ર પર મતદાનના અનુભવને ઝડપી બનાવે છે.

બધા BMD બહુવિધ સુલભતા સુવિધાઓ પ્રદાન કરે છે જે મતદારોને તેમની ક્ષમતાઓ અનુસાર અનુભવને કસ્ટમાઇઝ કરવાની મંજૂરી આપે છે. દરેક BMD પાસે વ્હીલચેર અથવા વોકરમાં મતદારોને મદદ કરવા માટે પર્યાપ્ત જગ્યા છે. ટચસ્ક્રીન ડિસ્પ્લે એવા મતદારો માટે એડજસ્ટ કરી શકાય છે જેઓ બેઠક અથવા ઊભેલી સ્થિતિમાં હોય. જેઓ ટચસ્ક્રીનનો ઉપયોગ કરવામાં અસમર્થ હોય અથવા તેમને મુશ્કેલીઓ હોય તેમના માટે, BMD માં મતપત્રમાં નેવિગેટ કરવા અને પસંદગી કરવા માટે બટનો સાથે સ્પર્શથી પારખી શકાય એવાં કીપેડનો સમાવેશ થાય છે. મતદાર જોવાની સરળતા માટે BMD સ્ક્રીનની ફોન્ટ સાઈઝ, કલર અને કોન્ટ્રાસ્ટ પણ એડજસ્ટ કરી શકે છે. દરેક BMD માં બિલ્ટ-ઇન ઓડિયો હેડસેટ હોય છે જે મતદારને બેલેટ સ્પર્ધાઓ અને પસંદગીઓ સાંભળવા દે છે. ઓડિયોની ગતિ અને અવાજ મતદાર દ્વારા એડજસ્ટ કરી શકાય છે. વધુમાં, 2022 સુધીમાં, BMD 20 ભાષાઓમાં ઓડિઓ અને ટચસ્ક્રીન બંને ઇન્ટરફેસ રજૂ કરે છે.

કાઉન્ટીના VBM મતપત્ર અને પરબિડીયાંને ઉપયોગમાં સરળ બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યાં હતાં ત્યારે RR/CC RAVBM પણ ઓફર કરે છે. આ સાધન વડે, મતદાર તેમના મતપત્રને સ્ક્રીન-રીડેબલ ફોર્મેટમાં જોવા માટે RR/CC ની વેબસાઇટ પર સ્થિત વેબ-આધારિત એપ્લિકેશનને એક્સેસ કરી શકે છે. મતદારો તેમની પસંદગીને વાંચવા અને ચિહ્નિત કરવા માટે સહાયક તકનીકો/ઉપકરણોનો ઉપયોગ કરી શકે છે. મતદાતાએ પછી તેમના મતપત્રને પ્રિન્ટ કરીને RR/CC ને મેલ કરવો અથવા તેને મત કેન્દ્ર અથવા મતપત્ર ડ્રોપ બોક્સ પર આપવો આવશ્યક છે.

વ્યક્તિગત અને VBM બંને વિકલ્પો તમામ મતદારો માટે સ્વતંત્ર, ખાનગી અને સુરક્ષિત મતદાન અનુભવ માટે મંજૂરી આપે છે.

## વિભાગ 2 - મત કેન્દ્રો અને મતપત્ર ડ્રોપ બોક્સના સ્થાનો

VCA માટે જરૂરી છે કે કાઉન્ટી સમગ્ર કાઉન્ટીમાં અનુકૂળ, સલામત અને સરળતાથી સુલભ મત કેન્દ્રો અને ડ્રોપ બોક્સ સ્થાપિત કરે. તે આ સ્થાનો માટે સ્થાનોની પસંદગી, દિવસોની સંખ્યા અને કામકાજના કલાકો માટે લઘુત્તમ માપદંડ નક્કી કરે છે. Los Angeles કાઉન્ટીના મતદારો માટે શ્રેષ્ઠ સ્થાનોને ઓળખવા માટે કાઉન્ટી વ્યાપક સંશોધન અને વિશ્લેષણ કરે છે અને મતદારોને સ્થાનની માહિતી ઉપલબ્ધ કરાવવા માટે વ્યાપક આઉટરીચ ઝુંબેશ શરૂ કરે છે. LAVOTE.GOV પર દરેક ચૂંટણી પહેલા મત કેન્દ્ર અને ડ્રોપ બોક્સ સ્થાનો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સ્થાનની માહિતી વિવિધ ટપાલ મોકલનારાઓ દ્વારા મતદારો સાથે પણ શેર કરવામાં આવે છે.

### 2-A મત કેન્દ્રો

**મત કેન્દ્ર સ્થાન**

સૌથી યોગ્ય મત કેન્દ્ર સ્થાનો નક્કી કરવા માટે એક મજબૂત, ડેટા-આધારિત પ્રક્રિયાની જરૂર છે જે માનવ વર્તન અને પેટર્નની આગાહી કરતી વખતે સ્થાનિક સ્થળ-લક્ષી અને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ સાથે રાજ્ય અને સ્થાનિક જરૂરિયાતોને એકીકૃત કરે છે. RR/CC તેના સમુદાયો માટે આદર્શ મતદાન કેન્દ્ર સ્થાનોને ઓળખવા માટે એક વ્યાપક વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે જે ન્યૂનતમ VCA માપદંડોથી આગળ વધે છે.

આદર્શ મતદાન કેન્દ્ર સ્થાન નક્કી કરતી વખતે RR/CC નીચેના 14 માપદંડોનો સમાવેશ કરે છે:

1. ભૌગોલિક રીતે અલગ સમુદાયો
2. ઓછી આવક ધરાવતા સમુદાયો
3. મર્યાદિત અંગ્રેજી બોલતા અને ભાષા લઘુમતી સમુદાયો

4. ઓછા વાહન માલિકી સમુદાયો
5. મતદાર રહેણાંક વસ્તી કેન્દ્રો
6. રોજગાર કેન્દ્રોની નિકટતા
7. વિકલાંગ મતદારો
8. બિન નોંધાયેલ પાત્ર મતદારો
9. ઓછો VBM વપરાશ
10. ઉચ્ચ વૃત્તિના નોંધણીકૃત મતદારો
11. ઉભરતા મતદારો
12. પરિવહન એક્સેસ
13. ટ્રાફિક ભીડ અને પેટર્ન
14. સાર્વજનિક રીતે સુલભ પાર્કિંગ

**Los Angeles કાઉન્ટી માટે સુવિધા આકારણી**

VCA ને 7 જૂન, 2022 ના રોજ રાજ્યવ્યાપી સીધી પ્રાથમિક ચૂંટણી માટે ચૂંટણીના દિવસના 10 દિવસ પહેલા અંદાજે 114 મત કેન્દ્રો ખોલવા જરૂરી છે, જો કે, RR/CC નું લક્ષ્ય 120 રાખવાનું છે. વધુમાં, ચૂંટણીના દિવસના ત્રણ દિવસ પહેલા અને તેના સહિત, VCA માટે કાઉન્ટીમાં ઓછામાં ઓછા 568 મત કેન્દ્રો ખુલ્લા હોવા જરૂરી છે, પરંતુ RR/CC નું લક્ષ્ય 640 છે.

મત કેન્દ્રોને અંતિમ સ્વરૂપ આપવા અને તેની પુષ્ટિ કરવા માટે, RR/CC સુલભતા અને યોગ્ય પાવર અને નેટવર્ક કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત સાઇટનું વ્યાપક સર્વે કરે છે. સર્વેક્ષણો પૂર્ણ થયા પછી, RR/CC દરેક મત કેન્દ્રની અંદર ચોક્કસ તારીખો, સમય અને રૂમ સોંપણીઓની રૂપરેખા આપતાં સહી કરેલ સુવિધા ઉપયોગ કરારો દ્વારા અંતિમીકરણ સાથે આગળ વધશે.

**મતદાન કેન્દ્રોના કામગીરીના કલાકો**

મતદાન કેન્દ્રો ચૂંટણીના દિવસ પહેલા વધારાના 10 દિવસ માટે ખુલ્લા રહેશે, જ્યાં મતદારો બે સપ્તાહના અંતે પર કોઈપણ મત કેન્દ્ર સ્થાન પર મતદાન કરી શકશે. મતદાન સમયગાળાના પ્રથમ 10 દિવસ દરમિયાન મતદાન કેન્દ્રો દરરોજ ઓછામાં ઓછા 9 કલાક માટે અને ચૂંટણીના દિવસે સવારે 7:00 થી સાંજના 8:00 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

### 2-B મતપત્ર ડ્રોપ બોક્સ

મતદારોને વધુ સુલભતા પ્રદાન કરવા માટે મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનો મહત્વપૂર્ણ છે, ખાસ કરીને જેઓ ગ્રામીણ સ્થળોમાં રહે છે, જેઓ વારંવાર મુસાફરી કરે છે અને જેઓ કાઉન્ટીની સરહદોની બહાર કામ કરે છે. VCA મુજબ, મતપત્ર ડ્રોપ બોક્સ સુરક્ષિત, સુલભ અને સ્થાપિત સાર્વજનિક પરિવહન માર્ગો માટે શક્ય તેટલા નજીકમાં લોક કરેલ હોવા જોઈએ. મતપત્ર ડ્રોપ બોક્સ નિયમિત કામકાજના કલાકો દરમિયાન ઓછામાં ઓછા 29 દિવસ પહેલા અને ચૂંટણીના દિવસ સહિત ખુલ્લા હોવા જોઈએ. વધુમાં, ત્યાં ઓછામાં ઓછું એક મતપત્ર ડ્રોપ બોક્સ હોવું આવશ્યક છે, જે સુલભ, સુરક્ષિત હોય અને નિયમિત કામકાજના કલાકો સહિત રોજના ઓછામાં ઓછા 12 કલાક માટે ઉપલબ્ધ હોય.

VCA માપદંડો અને ભૌગોલિક વિતરણના આધારે મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનો માટેની ભલામણો નક્કી કરવામાં આવે છે. VCA મુજબ, 7 જૂન, 2022 ની રાજ્યવ્યાપી સીધી પ્રાથમિક ચૂંટણી માટે કાઉન્ટી પાસે ઓછામાં ઓછા 379 મતપત્ર ડ્રોપ બોક્સ હોવા જરૂરી છે. RR/CC પાસે વર્તમાનમાં સમગ્ર કાઉન્ટીમાં 380 24-કલાકના મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાપિત છે. અગાઉની કાઉન્ટીવ્યાપી ચૂંટણીઓ સાથે સુસંગત રહેવા માટે, 7 જૂન, 2022 રાજ્યવ્યાપી સીધી પ્રાથમિક ચૂંટણી પહેલા, કુલ 400 મતપત્ર ડ્રોપ બોક્સ માટે વધારાના 20 મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાપિત કરવામાં આવશે. ઉમેરાયેલ મતપત્ર ડ્રોપ બોક્સ સ્થાનો વિભાગ 2-B માં ઉલ્લેખિત મત કેન્દ્ર પ્રક્રિયાની જેમ વધુ મૂલ્યાંકનમાંથી પસાર થઈ રહ્યા છે. વધુમાં, તમામ મત કેન્દ્રો મતપત્ર ડ્રોપ ઓફ સ્થાન તરીકે પણ કામ કરશે.

## વિભાગ 3 - મત કેન્દ્રનું લેઆઉટ, સાધનો અને સ્ટાફિંગ

### 3-A સ્ટાફિંગ લોજિસ્ટિક્સ અને બહુભાષી સેવાઓ

Los Angeles કાઉન્ટીનું મત કેન્દ્ર મોડેલ સમગ્ર કાઉન્ટીમાં વિવિધ સ્તરોની સહભાગિતાને સમાવવા માટે ડિઝાઇન કરેલ છે. કાઉન્ટી ત્રણ અંદાજિત કદની વિવિધતાનો ઉપયોગ કરીને મત કેન્દ્રો ગોઠવશે: નાના, મધ્યમ અને મોટા (કોષ્ટક 3 જુઓ). દરેક મત કેન્દ્રમાં 5 થી 27 ચૂંટણી કાર્યકરોની શ્રેણી હશે જે કદ અને મતદાન સમયગાળા દરમિયાન કેટલા દિવસો ખુલશે તેના આધારે રહેશે. આઠ (8) જેટલા દ્વિભાષી બોલનારાઓને મતદાન કેન્દ્રમાં અથવા તેની બાજુના વિસ્તારો માટે ભાષાની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે સોંપવામાં આવી શકે છે.

| કોષ્ટક 3. મત કેન્દ્ર કદ થ્રેશોલ્ડ | | |
|---|---|---|
| **મત કેન્દ્રનું કદ** | **જરૂરી ચોરસ ફૂટેજ** | **BMD સમર્થિત** |
| **નાના** | 1,775 – 3,274 | **15 - 20** |
| **મધ્યમ** | 3,275 – 4,499 | **25-30** |
| **મોટા** | **>4,500** | **35-45** |

ચૂંટણી કાર્યકરની ભૂમિકાઓ મત કેન્દ્ર પર નીચે આપેલ RR/CC દ્વારા ઓળખાયેલ છે:

- **આગેવાન** – મતદાન કેન્દ્રની તમામ પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખે છે જેમાં મત કેન્દ્ર ખોલવું અને બંધ કરવું, પ્રશ્નો/મુદ્દાઓને સંબોધિત કરવા અને ચેક-ઇન સેન્ટર્સ (CIC) પર દરરોજ મતપત્રો પહોંચાડવાનો સમાવેશ થાય છે.
- **આગેવાન સહાયક** – આગેવાનની તમામ ફરજોમાં મદદ કરે છે અને આગેવાનની ગેરહાજરીમાં આગેવાનની ભૂમિકા ધારણ કરે છે.
- **લાઇન મોનિટર** – મતદારોને નમસ્કાર કરે છે, સામાન્ય પ્રશ્નોના જવાબ આપે છે અને તેમને યોગ્ય સ્ટેશન પર લઈ જાય છે (દા.ત. ચેક-ઇન-ક્લાર્ક, VBM ક્લાર્ક, વગેરે.). મતદારોને ISB પ્રક્રિયામાં મદદ કરીને અને નિર્દેશિત કરીને અને BMD નો ઉપયોગ કેવી રીતે કરવો તેની સૂચનાઓ આપીને લાઇનની યોગ્ય જાળવણી થાય છે તેની ખાતરી કરે છે. લાંબી લાઈનો હોય અથવા રાહ જોવાનો સમય હોય તેવા સંજોગોમાં નજીકના મત કેન્દ્રોની યાદી આપતો હેન્ડઆઉટ મતદારો માટે વિકલ્પ તરીકે સરળતાથી ઉપલબ્ધ રહેશે.
- **સ્ટોપ સ્ટેશન ક્લાર્ક** – મતદારોને COVID-19 દિશાનિર્દેશો પર સૂચના આપે છે અને ખાતરી કરે છે કે મત કેન્દ્રમાં પ્રવેશતા પહેલા તમામ દિશાનિર્દેશોનું પાલન થાય છે.
- **ચેક-ઇન-ક્લાર્ક** – મતદારોની તપાસ કરે છે, તેમને તેમનો મતપત્ર પ્રદાન કરે છે અને તેમને મતદાન વિસ્તાર તરફ લઈ જાય છે.
- **મતદાન વિસ્તાર મોનીટર** – મતદારોને ઉપલબ્ધ BMD તરફ નિર્દેશિત કરે છે, મૂળભૂત BMD પ્રશ્નો/સમસ્યાઓનું નિવારણ કરે છે અને જરૂર મુજબ લાઇન મોનિટરને મદદ કરે છે.
- **ફીલ્ડ સપોર્ટ ટેકનિશિયન** – મત કેન્દ્ર (ઉદા. BMD, ePoll પુસ્તકો, રાઉટર્સ, વગેરે) પર સાધનોની સમસ્યાઓનું નિવારણ કરે છે. તમામ ચૂંટણી સાધનો અને રેકોર્ડ્સ રાહ જોવાના સમય, મતપત્ર ઇન્વેન્ટરી અને RR/CC ની સિસ્ટમમાં બનેલી ઘટનાઓ માટે કસ્ટડીની સાંકળમાં મદદ કરે છે.

- **કામચલાઉ/VBM ક્લાર્ક** – કામચલાઉ અને CVR મતદારોને મદદ કરે છે, મતદારો પાસેથી VBM પરબિડીયાઓ મેળવે છે અને "મે મત આપ્યો" સ્ટીકરો (વિવેકાધીન સ્થિતિ) જારી કરે છે.

## 3-B મત કેન્દ્ર સહાય

કાઉન્ટીના દરેક મત કેન્દ્રમાં BMD હશે, જે સંપૂર્ણપણે સુલભ મતદાન ઉપકરણો છે જે તમામ મતદારોને સ્વતંત્ર અને ખાનગી રીતે તેમના મતપત્રને ચિહ્નિત કરવાની મંજૂરી આપે છે. વધુમાં, તમામ ચૂંટણી કાર્યકરો મતદાન પ્રક્રિયાના દરેક તબક્કે વિકલાંગ મતદારોને મદદ કરવા અંગે તાલીમ મેળવશે. આમાં BMD પર ઉપલબ્ધ સુવિધાઓ પર કેન્દ્રિત તાલીમનો સમાવેશ થાય છે જે વિકલાંગ મતદારો માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. વધારાના સુલભતા ઉપકરણો કે જે તમામ મત કેન્દ્રો પર ઉપલબ્ધ હશે તેમાં બૃહદદર્શક ચશ્મા, હસ્તાક્ષર માર્ગદર્શિકાઓ, પેન ગ્રિપ્સ, 20/20 પેન અને કર્બસાઇડ વોટિંગ સેવાઓનો સમાવેશ થાય છે.

મત કેન્દ્રો કર્બસાઇડ મતદાન પણ આપે છે. આ સેવા એવા મતદારો માટે છે કે જેઓ પડકારજનક સમય ધરાવતા હોય અથવા મત કેન્દ્રમાં પ્રવેશવામાં અસમર્થ હોય. કર્બસાઇડ મતદાન એ મતદારોને તેમના વાહનની સગવડતાથી મત કેન્દ્રની બહાર નિયુક્ત વિસ્તારમાં સ્પષ્ટપણે પોસ્ટ કરાયેલા ટેલિફોન નંબર પર કૉલ કરીને અને ચૂંટણી કાર્યકર મતદારના વાહનમાં મતદાન સામગ્રી લઈ જવાની મંજૂરી આપે છે જેથી તેઓ સ્વતંત્ર રીતે અને ખાનગી રીતે તેમના મતપત્રને ચિહ્નિત કરી શકે. મતદારો માટેના વિકલ્પોમાં ISB અથવા કાગળના મતપત્રનો ઉપયોગ કરીને તેમના મતપત્રને ચિહ્નિત કરવાનો સમાવેશ થાય છે.

## 3-C મત કેન્દ્ર લેઆઉટ

કલમ 3-A માં જણાવ્યા મુજબ, મત કેન્દ્રના વિવિધ કદ હશે. જો કે, દરેક મત કેન્દ્ર માટે રૂમના લેઆઉટ અને વિવિધ વિશિષ્ટતાઓના આધારે, દરેક મત કેન્દ્રમાં BMD ની ચોક્કસ સંખ્યા બદલાઈ શકે છે. દરેક મત કેન્દ્રને લેઆઉટ ડાયાગ્રામ આપવામાં આવશે તેની ખાતરી કરવા માટે કે BMD એવી રીતે મૂકવામાં આવે છે કે જે મતદારને ખાનગી અને સ્વતંત્ર મતદાન કરવાની મંજૂરી આપે. લેઆઉટ મતદારોની સુલભતા જરૂરિયાતો માટે પણ સંવેદનશીલ હોવા જોઈએ અને દરેક સ્થાનના વિવિધ આકાર અને રૂમના કદને સમાવવા માટે ગોઠવવામાં આવશે. નીચે એક નાના મત કેન્દ્ર લેઆઉટનું ઉદાહરણ દર્શાવતો ડાયાગ્રામ છે.

*મત કેન્દ્ર લેઆઉટનું ઉદાહરણ*




## વિભાગ 4 – સુરક્ષા અને આકસ્મિક યોજના

### 4-A સુરક્ષા પદ્ધતિઓ અને ધોરણો

કાઉન્ટીના મત કેન્દ્રો પર કરવામાં આવેલ તમામ મતદાન રાજ્ય દ્વારા સ્થાપિત સુરક્ષા ધોરણો, RR/CC ની સુરક્ષા પ્રક્રિયાઓ, કેલિફોર્નિયા ચૂંટણી સંહિતા અને કેલિફોર્નિયા મતદાન પ્રણાલીના ઉપયોગની પ્રક્રિયાઓને અનુસરશે. આમાં મત કેન્દ્ર પરના તમામ સાધનોને સીલ કરવામાં આવે છે, પહોંચાડવામાં આવે છે, સંગ્રહિત કરવામાં આવે છે અને તેનો ઉપયોગ આ નિયમોના પાલનમાં થાય છે અને તે તમામ સાધનો અને મતપત્ર હેન્ડલિંગ માટે કસ્ટડીની સાંકળ દસ્તાવેજીકૃત થયેલ છે તેની ખાતરી કરવા માટેનો સમાવેશ થાય છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી. વધુમાં, પ્રક્રિયાઓ માટે જરૂરી છે કે જ્યારે સાઇટ ખુલ્લી હોય ત્યારે ઓછામાં ઓછા બે ચૂંટણી કાર્યકરો હાજર હોય.

### 4-B મત કેન્દ્ર આધાર

મતદાન કેન્દ્રો પર કામ કરતા લોકો અને ટેકનિકલ અને અનુપાલન સહાય પ્રદાન કરનારાઓ સહિત તમામ સ્ટાફ મતદાન સાધનોના સંચાલન, મત કેન્દ્રની સ્થાપના, મતદારોને મદદ કરવા અને પ્રક્રિયા કરવા, સંવેદનશીલ સાધનોને સુરક્ષિત કરવા અને કટોકટીના કિસ્સામાં યોગ્ય પ્રક્રિયાઓ અંગે વ્યાપક તાલીમમાં હાજરી આપશે.

બધા મત કેન્દ્ર આગેવાન અને ફિલ્ડ સપોર્ટ ટેકનિશિયન (FST) ને જ્યારે જરૂરી હોય ત્યારે ચૂંટણી સ્ટાફનો સંપર્ક કરવા માટે સ્માર્ટફોન આપવામાં આવશે. ફોન કઠોર, ભરોસાપાત્ર અને વર્ચ્યુઅલ રીતે અનબ્રેકેબલ ઉપકરણ છે જે આત્યંતિક પરિસ્થિતિઓ માટે રચાયેલ છે. આ ઉપકરણો આગેવાનો અને FST ને ઝડપથી સંચાર કરવામાં સક્ષમ બનાવશે અને RR/CC ને એક સાથે તમામ મત કેન્દ્રો પર અપડેટ્સ અને સંદેશા મોકલવાની મંજૂરી આપશે. RR/CC ઉપકરણોને દૂરસ્થ રીતે બંધ કરી શકે છે, ફોનનું રૂપરેખાંકન બદલી શકે છે અને ફોન ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય તો તેને લોક કરી શકે તેની ખાતરી કરવા માટે સુરક્ષાના પગલાં પણ છે.

RR/CC પાસે પ્રશિક્ષિત કોલ સેન્ટર હશે જેમાં સ્ટાફ તૈયાર હશે અને સમસ્યાઓના નિરાકરણમાં કૉલરને મદદ કરવા માટે ઉપલબ્ધ હશે. તમામ ચૂંટણી કાર્યકર્તાઓ અને જેઓ ટેકનિકલ અને અનુપાલન સમર્થન પ્રદાન કરે છે તેઓને કટોકટીની પ્રક્રિયાઓ અંગે તાલીમ આપવામાં આવશે અને તેમને મતદાન કેન્દ્રના સંચાલન માટે અને કટોકટી દરમિયાન મતદારો સાથે પ્રક્રિયા કરવા માટે તાલીમ માર્ગદર્શિકા પ્રદાન કરવામાં આવશે.

## 4-C સાયબર સુરક્ષા

સાયબર સુરક્ષા અને ચૂંટણીની અખંડિતતા જાળવવી એ RR/CC ની મહત્ત્વપૂર્ણ પ્રાથમિકતાઓ છે. RR/CC ની ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ટીમે RR/CC પરિપક્વતા સ્તરને સુધારવા ઉપરાંત ઉદ્યોગના ધોરણો અને શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સંરેખિત કરવા માટે સુશાસન, જોખમ અને અનુપાલન (GRC) ફ્રેમવર્ક અપનાવ્યું છે. RR/CC એ નેટવર્ક સુરક્ષાને કાર્યરત કરી છે અને શંકાસ્પદ અથવા દૂષિત ઘટનાઓને સક્રિય રીતે પ્રતિસાદ આપવા માટે સતત દેખરેખ પ્રદાન કરશે.

વધુમાં, ePollbooks કેન્દ્રિય રીતે સંચાલિત કરવામાં આવે છે અને રાઉટર્સ પર વ્હાઇટલિસ્ટ કરવામાં આવે છે, કનેક્શન્સને એનક્રિપ્ટ કરવામાં મદદ કરવા માટે એનક્રિપ્ટ કરવામાં આવે છે જેથી આરામમાં, ગતિમાં અને પરિવહનમાં એન્ક્રિપ્ટ કરવામાં આવે અને દરેક ચૂંટણી માટે શેર કરેલી કીઝ બદલાય છે. છેવટે, શંકાસ્પદ અથવા દૂષિત ઘટનાઓને સક્રિય રીતે પ્રતિસાદ આપવા માટે સતત દેખરેખ પ્રદાન કરવા માટે ચૂંટણી માટે વિશિષ્ટ સુરક્ષા ઓપરેશન સેન્ટર (SOC) ની સ્થાપના કરવામાં આવી છે.

## 4-D આકસ્મિક યોજના

મત કેન્દ્ર પર કોઈપણ વિક્ષેપને ઉકેલવા માટે RR/CC પાસે એક મજબૂત આકસ્મિક યોજના છે. સામાન્ય રીતે, જો એક મત કેન્દ્ર નોંધપાત્ર રીતે વિક્ષેપિત થાય છે, તો RR/CC તરત જ પોપ-અપ મત કેન્દ્રને અસરકારક કામગીરી માટે યોગ્ય સ્થાને ગોઠવશે.

આ પોપ-અપ મત કેન્દ્રમાં કર્મચારી અને ePollbooks અને BMD સેટ કરવા માટે જરૂરી તમામ સાધનોનો સમાવેશ થાય છે. જ્યારે પોપ-અપ મત કેન્દ્ર અસરકારક કામગીરી માટે યોગ્ય સ્થાને ગોઠવશે અને સેટઅપ કરવામાં આવે છે, ત્યારે ચૂંટણી કાર્યકરો મતદારોને નજીકના મત કેન્દ્રો પર પુન:નિર્દેશિત કરશે.

જ્યારે યોગ્ય હોય ત્યારે RR/CC કાયદા અમલીકરણ, રાજ્યના સેક્રેટરી ઓફિસને પણ જાણ કરશે અને મતદારોને જાણ કરવામાં આવે તેની ખાતરી કરવા માટે મીડિયા અપડેટ્સ પ્રદાન કરશે. જો કોઈ કુદરતી આપત્તિ અથવા અન્ય વિક્ષેપ મત કેન્દ્ર અથવા મતપત્ર ડ્રોપ બોક્સની કાર્યક્ષમતાને અસર કરે છે, તો વધારાની સૂચનાઓ, સંકેતો અને કર્મચારી મતદારોને વૈકલ્પિક સ્થાન પર લઈ જવા માટે ઉપલબ્ધ રહેશે.

મતદાનના સમયગાળા માટે મત કેન્દ્ર પરની તમામ પ્રવૃત્તિઓ બંધ કરી દેવી જોઈએ, ચૂંટણી કાર્યકરો તરત જ California ચૂંટણી સંહિતા અને મતપત્ર મેન્યુફેક્ચરિંગ અને ફિનિશિંગ માર્ગદર્શિકા અનુસાર મતદાન કેન્દ્રના મતદાન સાધનો અને તમામ મતદાન સામગ્રી માટે એકાઉન્ટ સુરક્ષિત કરશે. RR/CC બદલાવેલ મત કેન્દ્ર ખોલવાનો પ્રયાસ કરશે અને પરિવર્તન વિશે લોકોને વ્યાપકપણે માહિતી પ્રસારિત કરશે.

## વિભાગ 5 - આગળ વધવું

Los Angeles કાઉન્ટીના મતદારો સતત વધી રહ્યા છે અને વધુ વૈવિધ્યસભર બની રહ્યા છે. જે સમુદાયોમાં તેઓ કાર્ય કરે છે તે પણ બદલાતા રહે છે, ટેક્નોલોજી પર વધુ નિર્ભર બને છે અને સુવિધાને પ્રાથમિકતા આપે છે. RR/CC ચપળ, લવચીક અને પ્રતિભાવશીલ બનવાનું ચાલુ રાખશે, કાઉન્ટીના મતદારોને શ્રેષ્ઠ સેવા આપવા માટે જરૂરીયાત મુજબ આ યોજનાને સમાયોજિત કરશે.